વલસાડ જિલ્લાને નવા વર્ષની ભેટ, મુખ્યમંત્રીના હસ્તે છ માળના જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ

દરેક માટે એક જ મંત્ર, નાગરિક દેવો ભવ: CM

રૂપિયા 37.50 કરોડના તૈયાર થયેલા છ માળના જિલ્લા પંચાયત ભવનમાં એ જ છત નીચે તમામ સરકારી કચેરીઓ કાર્યરત

જિલ્લા પંચાયત ભવન નાગરિકોની સેવાનું કેન્દ્ર બને તે મહત્વનું : નાયબ મુખ્યમંત્રી



વલસાડ : રાજ્ય સરકાર દ્વારા અત્યારે જે પણ ભવન બનાવવામાં આવી રહ્યા છે તે ખૂબ જ સુવિધાસભર બનાવવામાં આવી રહ્યા છે પણ આ સુવિધા આપણા માટે નથી, પણ લોકો માટે આ સુવિધાયુક્ત ભવન બનાવ્યા છે. એમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વલસાડ જિલ્લા પંચાયત ભવનના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

રૂપિયા 37.50 કરોડના ખર્ચે નવનિર્મિત છ માળના વલસાડ જિલ્લા પંચાયતના આધુનિક અને સુવિધા સભર ભવનના લોકાર્પણ પ્રસંગે અધિકારીઓ અને જનપ્રતિનિધિઓને સંબોધી મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, દરેક માટે એક જ કાર્ય મંત્ર છે, નાગરિક દેવો ભવ:. અહીં ભવનમાં અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો છે. આપણા પર સામાન્ય નાગરિકોનો વિશ્વાસ ટકી રહે તેવું કામ કરવાનું છે. અહીં આવતા કોઈપણ સામાન્ય નાગરિકનું કામ અટકવું ન જોઈએ, જે પણ મુશ્કેલી લઈને નાગરિક આવ્યો હોય તે દૂર કરી આનંદ સાથે પરત ફરવો જોઈએ એવું મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

નૂતન વર્ષ પૂર્વે વલસાડ જિલ્લાની જનતાને જિલ્લા પંચાયતના નવા ભવનની ભેટ આપવાના પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, આ જિલ્લા પંચાયત ભવન નાગરિકોની સેવાનું કેન્દ્ર બને તે મહત્વનું છે.

જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે આ ભવ્ય ભવનમાં દિવ્યાંગો, બાળકો, સિનિયર સિટીઝન અને અધિકારી- કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવાયેલી સુવિધાનો ચિતાર આપતા જણાવ્યું કે, અહીં એક જ ભવનમાં વિવિધ કચેરી હોવાથી નાગરિકોને સરકારી કામકાજ માટે અલગ-અલગ કચેરીઓમાં જવું પડશે નહી. વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે, વહીવટી કામગીરી વધુ ઝડપી અને સુવ્યવસ્થિત બનશે.

આ પ્રસંગે રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, મંત્રી નરેશ પટેલ અને સાંસદ ધવલ પટેલ તેમજ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. આ આધુનિક જિલ્લા પંચાયત ભવનની સૌથી મોટી વિશેષતા એ છે કે, જિલ્લા કક્ષાની વિવિધ પંચાયત કચેરીઓને એક જ સંકુલમાં કાર્યરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

'પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું લોકાર્પણ



વલસાડ : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વલસાડના તિથલ રોડ ખાતે નવનિર્મિત 'પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને સાંસદ અને લોકસભા દંડક ધવલ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ શોપને એક મોડલ સેન્ટર તરીકે શરૂ કરવામાં આવી છે, જ્યાં પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવેલી તાજી શાકભાજી, ફળો, અનાજ અને મધ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત, 'ઘન જીવામૃત', 'ગૌમૂત્ર', 'બીજામૃત' અને 'જીવામૃત' પણ ખેડૂતો અને ગ્રાહકોના વેચાણ માટે મૂકવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતના નવા ભવનમાં આધુનિક સુવિધાનો સમન્વય

વલસાડ જિલ્લા પંચાયતમાં જાહેર ઉપયોગની સુવિધા અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને બે પેસેન્જર લિફ્ટ, અધિકારીઓ માટે બે લિફ્ટ અને ત્રણ દાદરની વ્યવસ્થા કરવામાં આવી છે. દિવ્યાંગજનો સહિત તમામ નાગરિકો સરળતાથી અવરજવર કરી શકે તેવી સુલભ વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. મુખ્ય રિસેપ્શન એરિયા, મેઈન લોબી વેઇટિંગ એરિયા, VIP એન્ટ્રન્સની સુવિધા અને આધુનિક લિફ્ટ્સ અને કચેરીની સુવિધાઓ, સ્વચ્છતા અને સુલભતાની સુવિધાઓમાં ટોયલેટ બ્લોક, મહિલાઓ માટે અલગ ટોયલેટ, ગ્રીન એરિયા, ૫૦ થી વધુ વાહનો માટે ગ્રાઉન્ડ લેવલ પાર્કિંગની સુવિધા, VIP મુલાકાતીઓ માટે અલગ પાર્કિંગ, આંતરિક ટ્રાફિક કંટ્રોલ વ્યવસ્થા, બેઝમેન્ટ અને ટેરેસ ગાર્ડનનો વિકાસ, બગીચા અને લેન્ડસ્કેપ વ્યવસ્થા, સુરક્ષા અને આધુનિક માળખાકીય સુવિધાઓમાં સુરક્ષા કેબિન, ઇલેક્ટ્રિક સબ-સ્ટેશન, ફાયર સેફ્ટી નેટવર્ક અને અન્ય આધુનિક માળખાકીય અને સહાયક સુવિધાઓ

વાપીમાં ૧૫૦ બેડની હોસ્પિટલનું CMના હસ્તે લોકાર્પણ કરાયું

નાયબ મખ્યમંત્રી હર્ષભાઈ, નાણાં મંત્રી કનુભાઈની વિશેષ ઉપસ્થિતિમાં હોસ્પિટલનો આરંભ કરાયો



વાપી : વાપી ખાતે નવનિર્મિત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે થયું હતું. મુખ્યમંત્રી સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ હતી.

વાપીમાં હોસ્પિલના લોકાર્પણ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ તેમજ નાણાં મંત્રી કનુભાઈ સાથે મહાનુભાવોએ હોસ્પિટલના દરેક વિભાગની માહિતી મેળવી હતી. આ દરમિયાન તબીબો સાથે વાત કરીને મુખ્યમંત્રીએ સારવાર માટેના સાધાનો તેમજ વ્યવસ્થાનું અવલોકન કર્યુ હતું. વાપી અને આસપાસના સમગ્ર વિસ્તારના આરોગ્ય માળખાને આજે નવી તાકાત મળી છે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલ શરૂ થવાથી સ્થાનિક નાગરિકો, શ્રમિકો અને પરિવારોને ઘર આંગણે જ શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ બનશે. છેવાડાના માનવી સુધી ઉત્તમ આરોગ્ય સેવાઓ પહોંચાડવાની દિશામાં રાજ્ય સરકારનું આ એક મહત્વનું પગલું ગણવામાં આવે છે.

આ હોસ્પિટલને ઊભી કરવા માટે નાણાં મંત્રી કનુભાઈના પ્રયાસને બિરદાવવામાં આવ્યો હતો. આ સમારંભમાં મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ તેમજ વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, સ્થાનિક ધારાસભ્યો જીતુભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ, રમણલાલ પાટકર, અરવિંદભાઈ પટેલ, પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી જૈન, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેષભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ તેમજ અધિકારીઓ તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ હોસ્પિટલમાં શું સેવા ઉપલબ્ધ થશે ?

વાપીમાં મિનિ સિવિલ ગણાતી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ જેનું રૂપિયા 48.22 કરોડના ખર્ચે નિર્માણ થયું છે. આ હોસ્પિટલમાં 150 પથારી સુધીની ઇન્ડોર સુવિધા સાથે ઇમર્જન્સી વિભાગ અને 13 સ્પેશિયાલિસ્ટ OPD કાર્યરત રહેશે. 4 આધુનિક ઓપરેશન થિયેટર, હિમોડાયાલિસિસ સુવિધા, લેબોરેટરી, એક્સ-રે અને સોનોગ્રાફી જેવી સુવિધાઓ સાથે ફિઝિશિયન, સર્જન, ગાયનેકોલોજિસ્ટ, પીડિયાટ્રિશિયન સહિતના નિષ્ણાત તબીબો અહીં સેવા આપશે. વાપી અને આસપાસના નાગરિકો - શ્રમિકો, વેપારીઓ અને પરિવારોને હવે ઉત્તમ સારવાર માટે દૂર જવું નહીં પડે. છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સેવા પહોંચશે.

49.6 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા : મુખ્યમંત્રી

વાપી : વાપી કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરીયમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે મંગળવારે વલસાડ જિલ્લાના કુલ રૂ.441 કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈએ આ અવસરે સૌને આગામી દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, વર્લ્ડ બેંકના અહેવાલ મુજબ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 49.6 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જે એક અભૂતપૂર્વ સિદ્ધિ છે. તેમણે વડાપ્રધાનના વિઝનરી નેતૃત્વ હેઠળ ગુજરાત સહિત સમગ્ર દેશમાં આવેલા પરિવર્તન વિશે સૌને માહિતગાર કર્યા હતા. તેમજ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન ગણાવી, સ્વચ્છતાને સ્વભાવ અને સંસ્કારમાં ઉતારવા સૌને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ નાગરિકોની સર્વાંગી સુખાકારી માટે રાજ્ય સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરવાની સાથોસાથ ગુણવત્તાયુક્ત વિકાસ થકી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

વાપી CETPની CMએ વિઝિટ કરી

નાણાં મંત્રી કનુભાઈ તેમજ VIA અને VGELના હોદ્દેદારોએ માહિતગાર કર્યા



વાપી : વાપી જીઆઈડીસી સ્થિત કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (સીઈટીપી)ની મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ વિઝિટ કરી હતી. તેમણે પ્લાન્ટની આધુનિક ટ્રીટમેન્ટ પ્રણાલી, ટેક્નોલોજી અને કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતુ. આ સમયે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વાપી ગ્રીન એન્વાયરો લિમિટેડ દ્વારા સીઈટીપી પ્લાન્ટના સંચાલનની વિગતોથી મુખ્યમંત્રીને માહિતગાર કર્યા હતા. આ સમયે મંત્રી નરેશભાઈ પટેલ, વાપી વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, મંત્રી કલ્પેશભાઈ વોરા, વીજીઈએલના ડાયરેક્ટર યોગેશભાઈ કાબરીયા, વીઆઈએ એડવાઈઝરી બોર્ડના સભ્ય તેમજ વાપી આર.કે.દેસાઈ કોલેજના ચેરમેન મિલનભાઈ દેસાઈ સહિત વીજીઈએલ તેમજ વીઆઈએ હોદ્દેદારો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વાપી ગ્રીન એન્વાયરો લિમિટેડના પરિસરમાં મુખ્ય મંત્રી તેમજ અગ્રણીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

વાપીના ઈકોફ્રેન્ડલી મુક્તિધામની મુલાકાત લીધી

વાપીમાં મુક્તિધામ પરિસરની પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત અગ્રણીઓએ મુલાકાત લીધી હતી. આ સમયે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ સાથે રહી વિગતો આપી હતી. આ સમયે વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલે પણ મહાનુભાવોને મુક્તિધામની વિગતોથી માહિતગાર કર્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ઘોડમાળમાં નાયબ મુખ્યમંત્રીના હસ્તે રૂ. ૧૯૦.૬૨ કરોડના વિકાસકાર્યોનો ભૂમિપૂજન/ખાતમુહૂર્ત



વાંસદા: રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે વાંસદા તાલુકાના ઘોડમાળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂપિયા ૧૯૦.૬૨ કરોડના ખર્ચે વિવિધ ૪૯ વિકાસકાર્યોનું રિમોટના માધ્યમથી ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ તથા પંચાયત) તેમજ રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, લીલીછમ ધરતી વાંસદા ખાતે આજે લોકોપયોગી વિકાસકાર્યોની શરૂઆત થઈ રહી છે ત્યારે આજનો દિવસ વાંસદા વિસ્તાર માટે મહત્વપૂર્ણ છે, તથા વાંસદા વિસ્તારમાં રસ્તા, ડ્રેનેજ, કોઝવે અને અન્ય પાયાની સુવિધાઓ માટે રૂપિયા ૧૯૦.૬૨ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. આ વિકાસકાર્યો માત્ર બાંધકામ પૂરતાં નથી, પરંતુ હજારો પરિવારોની આશાઓ અને આકાંક્ષાઓ સાથે જોડાયેલા છે. ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને આ કામોનો સીધો લાભ મળશે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, સહિત પદાધિકારીઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

દિવાળી પૂર્વે દમણની સ્કૂલમાં દીપોત્સવ કાર્યક્રમ



દમણ : સંઘપ્રદેશ દમણમાં દિવાળીના પાવન પર્વ પૂર્વે દમણની સાર્વજનિક વિદ્યાલયમાં દીપોત્સવ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળા પરિસરને રંગોળી, દીવડાઓ અને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળા મેનેજમેન્ટ કમિટીના ચેરમેન જિગ્નેશ જોગી, પૂર્વ ચેરમેન જોગીભાઈ ટંડેલ, સેક્રેટરી રુદ્રેશ ટંડેલ, દિલીપ ગોલ્લા, મૃદુલ ટંડેલ સહિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગ તથા શાઇનિંગ સ્ટાર્સ પ્રિ-સ્કૂલના શિક્ષકો અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. વાઇસ ચેરમેન વિવેક ભાઠેલા અને જયંતીભાઈ ટંડેલે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે ચેરમેન જિગ્નેશ જોગીએ દિવાળીના સાંસ્કૃતિક મહત્વ વિશે સમજાવતાં ફૂટપાથ પર દિવાળીની વસ્તુઓ વેચતા નાના વેપારીઓ પાસેથી ખરીદી કરવા અપીલ કરી હતી. સાથે જ સુરક્ષિત અને પર્યાવરણને અનુકૂળ દિવાળી ઉજવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતે અલ્પાહારનું આયોજન કરાયું હતું. સૌએ એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

ચીખલીની દીકરીઓએ ખો-ખોમાં મેળવ્યું ગૌરવપૂર્ણ સ્થાન



ઘેજ : જ્ઞાનશક્તિ સ્કૂલ ઓફ એક્સલન્સ, ગણદેવી-નવસારી (હાલ કૂકરી, ચીખલી) ની પ્રતિભાશાળી વિદ્યાર્થિનીઓએ એસજીએફઆઈ-૨૦૨૬ અંતર્ગત યોજાયેલી શાળાકીય જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. રાજ્યકક્ષાએ એંજલ ગામીત, આશા સાલકર, સ્વાહા પટેલ, આસ્થા ચૌધરી, જીયા પ્રસાદ, ક્રિસ્ટીના ગામીત, પ્રિયાંશી ક્રમદીની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઇ છે. આ સફળતા પાછળ વિદ્યાર્થિનીઓની મહેનત અને કોચ તથા પી.ઈ.ટી. દિવ્યા અનિલભાઈ ચૌધરીનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું છે. વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિ બદલ શાળાના સંચાલક મંડળ, આચાર્ય, શિક્ષકગણ અને ટ્રસ્ટીઓએ ખેલાડીઓ તથા કોચ દિવ્યા ચૌધરીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ રાજ્યકક્ષાની સ્પર્ધામાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળા અને જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાનથી શરૂ થયેલી આ ગૌરવયાત્રા હવે રાજ્યકક્ષાએ નવી ઊંચાઈ સર કરે તેવી આશા સાથે જ્ઞાનશક્તિની દીકરીઓની સફળતાને સૌએ બિરદાવી છે.

દમણમાં દીવની રજિસ્ટ્રેશન બોટને વ્યવસાયની મંજૂરીથી વિવાદ વકર્યો

દમણ જેટી પર માછીમારોના બે જૂથ સામસામે ઉગ્ર બોલાચાલી બાદ મામલો ગરમાતા સાંસદે દરમિયાનગીરી કરવી પડી



દમણ : સંઘપ્રદેશ દમણમાં દીવ રજિસ્ટ્રેશન ધરાવતી બોટોને વ્યવસાય માટે ઉતારવાના મુદ્દે સ્થાનિક માછીમારો વચ્ચે ભારે વિવાદ સર્જાયો છે. દમણ જેટી ખાતે માછીમારોના બે જૂથો સામસામે આવી જતાં ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી થતાં વાતાવરણ તંગ બન્યું હતું. આ સમગ્ર વિવાદમાં દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે પણ છેવટે દરમિયાનગીરી કરવી પડી હતી.

2 નવેમ્બરના રોજ દમણ જેટી ખાતે દીવ રજિસ્ટ્રેશન ધરાવતી બોટોને દમણમાંથી માછીમારી વ્યવસાય કરવા દેવાના મુદ્દે સ્થાનિક માછીમારો વચ્ચે મતભેદ સર્જાયો હતો. દમણના કેટલાક માછીમારોએ આ નિર્ણયનો ઉગ્ર વિરોધ નોંધાવી જણાવ્યું હતું કે, દીવમાં રજિસ્ટ્રેશન થયેલી બોટોને દમણ જેટી પરથી વ્યવસાય કરવાની મંજૂરી આપી શકાય નહીં. વિરોધ કરનારા માછીમારોના જણાવ્યા મુજબ, દમણની બોટોને દીવમાં માછીમારી વ્યવસાય કરવાની મંજૂરી મળતી નથી. આવી સ્થિતિમાં દીવની બોટોને દમણમાંથી વ્યવસાય કરવા દેવામાં આવે તો સ્થાનિક માછીમારોને અન્યાય થશે.

આ મુદ્દે બંને પક્ષો વચ્ચે ઉગ્ર દલીલો થતાં મામલો થોડા સમય માટે ગરમાયો હતો. દરમ્યાન દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તેમણે દીવની બોટના માલિકનો પક્ષ લેતાં વિરોધ કરી રહેલા માછીમારો સાથે વાકયુદ્ધ છેડાયું હતું. ત્યારે આ મુદ્દે સ્થાનિક માછીમારોના હિત અને બોટ રજિસ્ટ્રેશનના નિયમો અંગે ઊભા થયેલા આ વિવાદને પગલે માછીમારી ક્ષેત્રે ચર્ચાઓ તેજ બની છે. સાથે હવે સંબંધિત તંત્ર દીવ રજિસ્ટ્રેશન ધરાવતી બોટોને દમણમાંથી વ્યવસાય કરવાની મંજૂરી અંગે શું વલણ અપનાવે છે તેના પર સ્થાનિક માછીમારોની નજર મંડાયેલી છે.

નિયમોમાં સમાનતા અને સ્થાનિકોના હિતનું રક્ષણ થવું જોઈએ

દમણના વિરોધ કરી રહેલા માછીમારોનું કહેવું છે કે, માછીમારી વ્યવસાય માટેના નિયમો બંને વિસ્તારોમાં સમાન રીતે લાગુ થવા જોઈએ. દીવની બોટોને દમણમાં વ્યવસાય કરવાની છૂટ આપવામાં આવે તો દમણની બોટોને પણ દીવમાં સમાન અધિકાર મળવો જોઈએ. આ મુદ્દે તંત્ર દ્વારા જલ્દીથી સ્પષ્ટતા કરવામાં આવે તેવી દમણના માછીમારોમાં માંગ ઊઠી છે.



દિવાળી બોનસની માંગ સાથે કંપનીમાં કામદારોની હડતાળ

દમણની આટિયાવાડ વિસ્તારમાં આવેલી કંપનીના ગેટ બહાર કામદારોએ હોબાળો મચાવ્યો

દમણ : આટિયાવાડમાં આવેલી ભીમ-3 કંપનીમાં દિવાળી બોનસ અને પગારની સમયસર ચૂકવણીના મુદ્દે છેલ્લા બે-ત્રણ દિવસથી કામદારો ગેટ બહાર એકત્રિત થઈ માંગણીઓ સાથે વિરોધ નોંધાવી રહ્યા છે.

કામદારોની મુખ્ય માંગ છે કે દર મહિનાની 10 તારીખ પહેલાં તેમનો પગાર ચૂકવવામાં આવે, જેથી ઘરખર્ચ સહિતની આર્થિક જવાબદારીઓ સમયસર પૂર્ણ કરી શકાય. કામદારોનું કહેવું છે કે, પગાર સમયસર નહીં મળવાથી ખર્ચાઓને પહોંચી વળવામાં મુશ્કેલીઓ સર્જાય છે. છેલ્લા બે દિવસથી કામદારો કંપનીના મુખ્ય પ્રવેશદ્વાર બહાર એકત્રિત થઈ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. દિવાળી બોનસ અને પગારના મુદ્દે કામદારો પોતાની માંગણીઓ પર અડગ હોવાનું જાણવા મળી રહ્યું છે. કંપની સંચાલકો દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે અને કામદારોની માંગણીઓનો ક્યારે ઉકેલ આવે છે તે હવે જોવું રહ્યું.

દાગીના હેવી લેવા હોય કે લાઈટક્યુટ દરેકનાં માટે પુષ્કળ વેરાઈટીઓ

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

મજુરી 5.9%*

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

R.A. Parikh Jewellers NX

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

જાહેર નોટીસ

જિ. નવસારી, તા. જલાલપોર, મોજે કડોલીના બ્લોક/સ.નં. ૩૬૦ (જૂનો સ.નં. ૩૪૩), ખાતા નં. ૧૧૫૭, ક્ષેત્રફળ ૦-૬૧-૯૯ હે.આરે.ચો.મી.ની જૂની શરતની જમીન શ્રી ધીરજભાઈ રણછોડભાઈ પટેલના નામે ચાલે છે. આ જમીન મારા અસીલ ખરીદ કરનાર છે. ઉપરોક્ત જમીન હાલમાં ગામ નમૂના નં. ૭/૧૨ મુજબ શ્રી ધીરજભાઈ રણછોડભાઈ પટેલના નામે કબજેદાર તરીકે ચાલે છે. તેમની પાસેથી મારા અસીલ આ જમીન ખરીદ કરનાર છે. ઉપરોક્ત જમીન કે તેના કોઈ ભાગ પર કોઈ પણ વ્યક્તિ, સંસ્થા, બેંક કે નાણાંકીય સંસ્થાનો કોઈ હક્ક, હિત કે દાવો કે કોઈનો પણ વારસાઈ હક્ક, ભાગ કે હિસ્સો, ગીરો, બોજો કે લીયન, બાનાખત/સાટાખત, સમજૂતી કરાર (MOU) કે વેચાણ કરાર, કુલમુખત્યારનામું, ભાડાપટ્ટો કે ગણોત હક્ક, કબજો, બક્ષિસ કે વસિયતનામું, કોર્ટ કે રેવન્યુ કાર્યવાહી, મનાઈ હુકમ, જપ્તી કે અન્ય કોઈ તકરાર કે આવો કોઈ હક્ક હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન ૧૫ (પંદર)માં લેખિત વાંધો નીચેના સરનામે રજૂ કરવો. વાંધા સાથે આધાર-પુરાવાની પ્રમાણિત નકલો સામેલ કરવી અને વાંધો R.P.A.D.થી અથવા રૂબરૂ પહોંચ મેળવીને આપવો. ઉપરોક્ત મુદતમાં કોઈનો લેખિત વાંધો નહીં મળે તો એમ માની લેવામાં આવશે કે આ જમીનમાં કોઈનો કોઈ હક્ક, હિત કે દાવો નથી. ઉપરાંત, જો કોઈ હક્ક હોય તો તે જતો કરવામાં આવ્યો છે એમ ગણવામાં આવશે. ત્યારબાદ મારા અસીલ વેચાણ દસ્તાવેજ સહિતનો ખરીદ વ્યવહાર પૂર્ણ કરશે. મુદત વીત્યા પછી આવતા કોઈ પણ વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં અને તે ધ્યાને લેવામાં આવશે નહીં.

શ્રી ધીરજભાઈ રણછોડભાઈ પટેલ

પાર્થ ભટ્ટ, એડવોકેટ
યુજી-૧૫, ચાંદની ચોક કોમ્પ્લેક્સ, પિપલોદ, ઉમરા. મો. ૯૮૯૮૭૦૧૧૧૪

જાહેર નોટીશ નો જવાબ તથા વળતી જાહેર નોટીશ

જત આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે મોજેઃ આસણા, તા. જલાલપોર, જી. નવસારીમાં આવેલ નીચે મુજબની ખેતીની જમીન અંગે તા. ૨૭/૧૦/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર માં વકીલ મહેન્દ્રસિંહ એસ. જાદવ મારફતે અપાયેલ જાહેર નોટીશ બાબતે જણાવવાનું કે નીચે જણાવેલ મિલ્કતો હમારા અસીલની સહમાલિકીની મિલ્કતો છે અને સદર મિલ્કતો બાબતે હમો પોતે કે હમારા સહમાલિકોએ પણ કોઈની સાથે કદાપી મિલ્કત વેચાણ અંગેનો સાટાખત કરેલો નથી કે હમો દ્વારા આપવામાં આવેલ પાવર ઓફ એટર્નીમાં વેચાણ કરવા માટેની કોઈ સત્તા આપવામાં આવેલ નથી કે અને આવા કોઈ સાટાખત રૂએ કદાપી કોઈ અવેજની રકમ સ્વીકારેલી હકીકતો છુપાવનારી અને ગેરમાર્ગે દોરવનારી છે. જેની સાચી હકીકતો નીચે મુજબ છે.

ઉપરોક્ત જણાવેલ મિલ્કત બાબતે ઈબ્રાહીમ દાઉદ સીદાત નાઓએ હમારા અસીલને આપેલી માહિતી મુજબ તેઓ પાસે ફક્ત ને ફક્ત મિલ્કતોમાં મર્હુમ સુલેમાન ઈબ્રાહીમ ઉર્ફે મહમદ હાસમ મોટાની વારસાઈ કરી સહમાલિકોના નામ ઓફ એર્ટની વારસાઈ કરવા માટે જ તમામ વારસદારો સાઉથ આફ્રિકા મુકામે રહેતા હોય વારસાઈ કરવા પાવર આપેલો, તેમણે આપેલી માહિતી મુજબ તેઓએ કોઈને પણ મિલ્કતો વેચાણ આપવા માટે વાતચીત કે સોદો કરેલો નથી તેમજ કોઈ સાટાખત કોઈપણ વ્યક્તિને વેચાણ આપવા માટે કરી આપેલ નથી. આ કહેવાતા સાટાખત મુજબ તેઓની એટલે કે, ઈબ્રાહીમ દાઉદ સીદાત ને કોઈએ કોઈ પૈસા મિલ્કતોની વેચાણ અવેજના આપેલા નથી અને તેઓએ સ્વીકારેલા નથી. હમોને વારસાઈમાં મદદ કરનાર ઈસમોએ હમોને ભોળવીને કોઈ કાગળ ઉપર સહી કરાવી લીધા હોય તેવું તેઓને એટલે કે ઈબ્રાહીમ દાઉદ સીદાતને તમોએ આપેલ જાહેર/જાહેર ચેતવણી વાંચીને માલમ પડેલું છે.

આ નોટીસથી તમોને સુચના આપવાની કે, તમારી નોટીસમાં જણાવેલ સાટાખતની સહી સીક્કાવાળી સર્ટીફાઈડ ઝેરોક્ષ કોપી આ નોટીસ મળતાના દિન-૭ માં હમારા અસીલને અને હમોને મોકલી આપવી તેમજ આ કહેવાતા સાટાખત ના તમામ પક્ષકારો તેમજ સાક્ષીઓના પુરાનામ, સરનામા ઉમર અને મોબાઈલ નંબર પણ દિન-૭ માં અલગથી હમારા અસીલને અને હમોને મોકલી આપવા જેથી હમારા અસીલ સાથે થયેલ અન્યાય, નુકશાન વિગેરે વિરૂધ્ધ હમારા અસીલ કાયદાકીય પગલાં લઈ શકે.

હમોના અસીલ સદર જમીન કોઈપણ ઈસમને હકકમી, સાટાખત, કરાર, કરી આપેલ નથી કે કોઈપણ પ્રકારનું લખાણ કરી આપેલ નથી સદર જમીનમાં હમોના અસીલનો કબજો વહીવટ ચાલી આવેલ છે. તેમજ જેથી સદર જમીનમાં કોઈપણ ઈસમ નોટીસમાં જણાવેલ કોઈપણ ઈસમની શાખ સંમતી વિના કોઈપણ વ્યવહાર કરશે તો હમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં અને તેની તમામ જવાબદારી વ્યવહાર કરનારની પોતાની રહેશે, અને જો કરશો તો તેની કોઈપણ જવાબદારી હમોના અસીલની રહેશે નહીં, જેની ચોક્કસ નોંધ લેશો.

મિલ્કતનું વર્ણન

ડીસ્ટ્રીક્ટ નવસારી સબડીસ્ટ્રીક્ટ જલાલપોરના મોજેઃ આસણા ગામે આવેલ ખેતીની જમીન

ખાતા નં.	જુનો બ્લોક નં,	નવો બ્લોક નં,	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂ. પૈસા.
૧૮૨	૧૦૧	૭૩	૦-૧૪-૨૭	૩.૨૦
	૧૫૬	૧૪૯	૦-૧૫-૫૦	૩.૨૫
	૧૮૫	૨૦૨	૦-૭૮-૭૭	૮.૩૦
	૨૭૦	૨૫૦	૦-૯૧-૪૧	૧૦.૮૦
	૨૬૧	૨૬૧	૦-૨૦-૭૭	૪.૯૦
	૨૮૮	૨૮૭	૦-૪૧-૪૮	૪.૫૦
	૧૦	૩૭૮	૨-૩૦-૬૭	૨૯.૩૦
	૧૮	૩૮૭	૦-૮૯-૩૩	૭.૫૫
	૩૯૬	૪૧૧	૦-૧૩-૨૬	૧.૬૫
	૩૯૬	૧૩૪	૦-૧૦-૦૪	૩૯.૫

તા. ૦૩-૧૧-૨૦૨૬

અસીલ મજકુરની ફરમાઈશથી,
નયન ડી. વકીલ (એડવોકેટ)
ફર્સ્ટ ફ્લોર, સહજાનંદ, મહિલા આઈ.ટી.આઈ.ની સામે, દેસાઈ વાડ, કાલિયાવાડી, નવસારી. મો.: ૯૮૨૫૩ ૨૬૭૦૨